તા.૫મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ રામનવમીની રજા જાહેર થવા બાબત...

**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,**
**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**
**જિલ્લો. બનાસકાંઠા.**

**વંચાણે લીધો :** ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા તા.૧લી એપ્રિલ, ૨૦૧૭.

## પરિપત્ર

વંચાણે લીધેલ ગુજરાત સરકારના તા.૧.૪.૨૦૧૭થી રામનવમીની રજા તા.૪.૪.૨૦૧૭ના બદલે તા.૫.૪.૨૦૧૭ના રોજ જાહેર કરેલ છે. આ સમય દરમ્યાન યુનિવર્સિટી કક્ષાએ 'Combined Joint Agresco'નું સરદારકૃષિનગર ખાતે તા.૫.૪.૨૦૧૭ થી તા.૭.૪.૨૦૧૭ સુધી સરદારકૃષિનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આથી સબંધિત સર્વેને જણાવવામાં આવે છે કે, તા.૫.૪.૨૦૧૭ના રોજ રાજ્ય સરકારે રામનવમીની રજા જાહેર કરેલ હોવા છતાં અગાઉથી નક્કી થયા મુજબ યુનિવર્સિટી ખાતે 'Combined Joint Agresco'નું આયોજન કરેલ હોવાથી મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ તથા તેનાથી ઉપરના તમામ શિક્ષક સંવર્ગના તથા અન્ય ઉપલા અધિકારીશ્રીઓને સદર 'Combined Joint Agresco'માં અવશ્ય હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં તા.૪.૪.૨૦૧૭ના રોજ રાબેતા મુજબ યુનિવર્સિટીની તમામ કચેરીઓ ચાલુ રહેશે.

ઉપરોક્ત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી જારી કરવામાં આવે છે, જેનો સબંધકર્તા સર્વેએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(એચ.એન. ખેર)
કુલસચિવ

જા.નં.સદાંકૃયુ/રજી/એ.૩/૨૧૧-૨૮૪/૨૦૧૭,
તા.૦૩.૦૪.૨૦૧૭

**નકલ સવિનય રવાના :**

- તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
- તમામ કોલેજના આચાર્યશ્રી/ડીનશ્રીઓ તરફ.
- તમામ યુનિટ/સબ–યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

નિયામકશ્રી, આઈ.ટી. તરફ જાણ તેમજ યુનિ.ની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા તથા યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને ઈ-મેઈલથી જાણ કરવા સારૂ.

**નકલ રવાના :**

- કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ
- આ વિભાગની તમામ શાખાઓ/ટેબલો તરફ.
- પરિપત્ર ફાઈલ / સીલેકટ ફાઈલ